**વર્ચ્યુઆ હેલ્થ (Virtua Health)**

**નાણાકીય સહાય પોલીસી–સરળ ભાષામાં સારાંશ ("PLS")**

વર્ચ્યુઆ હેલ્થ (Virtua Health)ની ('વર્ચ્યુઆ') નાણાકીય સહાય પોલીસી ("FAP") આંશિક રીતે અથવા સંપૂર્ણપણે છૂટ આપતી વર્ચ્યુઆ દ્વારા પૂરી પાડવામાં આવતી કટોકટીની અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સેવાઓ લાયક દર્દીઓને પૂરી પાડવા માટે છે. નાણાકીય સહાય મેળવવા માંગતા દર્દીઓએ રજૂ કરવામાં આવતા કાર્યક્રમો માટે અરજી કરવાની રહેશે. પોલીસીનો સારાંશ નીચે મુજબ છે:

<u>લાયક સેવાઓ</u> –વર્ચ્યુઆ દ્વારા આપવામાં આવતી અને બિલ કરવામાં આવતી કટોકટીની અથવા અન્ય તબીબી રીતે જરૂરી આરોગ્ય સેવાઓ. આ FAP માત્ર વર્ચ્યુઆ દ્વારા બિલ કરવામાં આવતી સેવાઓને જ લાગુ પડે છે. અન્ય પ્રદાતાઓ, જેવા કે સ્વતંત્ર ફિઝિશિયન દ્વારા અલગ રીતે બિલ કરવામાં આવતી સંબંધિત સેવાઓ આ FAP હેઠળ આવરી શકાશે નહીં.

<u>લાયક દર્દીઓ</u> - લાયક સેવાઓ પ્રાપ્ત કરતા દર્દીઓ જેઓ પૂર્ણ નાણાકીય સહાય અરજી ('અરજી') (સંબંધિત દસ્તાવેજીકરણ/માહિતી સહિત) આપે છે અને જેઓ વર્ચ્યુઆ દ્વારા નાણાકીય સહાય માટે લાયક નક્કી થયેલ છે.

<u>અરજીકેવી રીતે કરવી</u> – FAP અને સંબંધિત અરજીઓ નીચે પ્રમાણે મેળવી/પૂર્ણ/રજૂ કરી
શકાય છે:

- www.virtua.org પર વર્ચ્યુઆનીવેબસાઇટની મુલાકાત લઈને;
- 2000 Crawford Place, Suite 100, Mt. Laurel, NJ 08054 ખાતે સ્થિત વર્ચ્યુઆના પેશન્ટ હિસાબ વિભાગ પર સવારના 7.30 અને સાંજના 4.00ની વચ્ચે રૂબરૂ મુલાકાત લઈને અથવા મેઈલ દ્વારા વિનંતી કરીને.
- (800) 418-5685 પર વર્ચ્યુઆના ગ્રાહક સેવા બ્યૂરો પર સોમવારથી ગુરુવાર સવારે 8.30થી સાંજે 8.00 સુધીમાં અને શુક્રવારે સવારે 8.30થી સાંજે 5.00 સુધીમાં ફોન કરીને મેઈલ દ્વારા દસ્તાવેજો માટેની વિનંતીકરીને
- પૂર્ણ કરેલ અરજીઓ (તમામ દસ્તાવેજીકરણ/માહિતી સાથે) નીચેના સરનામે મોકલો

Virtua Patient Accounting Department
2000 Crawford Place, Suite 100
Mount Laurel, NJ 08054

<u>નાણાકીય સહાય માટેની લાયકાતનું નિર્ધારણ</u>– સામાન્ય રીતે વીમા વિનાના દર્દીઓ જેમની પરિવારની કુલ આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકા ("FPG") ના 500%થી વધતી નથી તેઓ નાણાકીય સહાય માટે લાયક છે. વધુમાં, અપૂરતો વીમો ધરાવતા દર્દીઓ જ્યારે તેમના પરિવારની કુલ આવક FPGના 300% જેટલી અથવા તેનાથી ઓછી હોય ત્યારે સ્લાઈડીંગ સ્કેલનો ઉપયોગ કરીને લાયક થઈ શકે છે. નાણાકીય સહાય માટેની લાયકાતનો અર્થ છે કે લાયક દર્દીઓને તેમની સંભાળ માટે આંશિક રીતે અથવા સંપૂર્ણપણે છૂટ મળશે અને વીમો ધરાવતી વ્યક્તિઓને 'સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ' ("AGB") (AGB, ઇન્ટરનલ રેવન્યૂ સર્વિસ દ્વારા IRC §501(r) માં વ્યાખ્યાયિત કરેલ છે તેમ) થી વધારે બિલ કરવામાં આવશે નહીં. ફક્ત પરિવારની કુલ આવક અને FPG પર જ આધારિત નાણાકીય સહાયના સ્તર આ પ્રમાણે છે:

- પરિવારની કુલ આવક FPG ના 0%થી 200% ધરાવતા અપૂરતા વીમાવાળા વ્યક્તિઓ;
  સંપૂર્ણ નાણાકીય સહાય; દર્દીને$ 0 બિલ કરવા યોગ્ય છે.
- પરિવારની કુલ આવક FPGના 200%થી વધારે પણ FPGના 300% જેટલી અથવા તેનાથી ઓછી આવક ધરાવતા અપૂરતા વીમા વાળા વ્યક્તિઓ;
  આંશિક નાણાકીય સહાય; દર્દીને મહત્તમ AGB બિલ કરવા યોગ્ય છે.
- પરિવારની કુલ આવક FPGના 500%થી ઓછી હોય તેવા અપૂરતા વીમા વાળા વ્યક્તિઓ;
  આંશિક નાણાકીય સહાય; દર્દીને મહત્તમ AGB બિલ કરવા યોગ્ય છે.

નોંધ:FPG સિવાય અન્ય માપદંડ પણ ધ્યાનમાં રાખવામાં આવે છે (એટલે કે, નિવાસસ્થાન, અસ્ક્યામતના માપદંડ) જેને લીધે આગળ જણાવેલમાં અપવાદ બની શકે છે. જો પરિવારની કુલ આવક કંઈ નથી એમ બતાવવામાં આવશે તો રોજીંદી જરૂરિયાતો કઈ રીતે પૂરી થાય છે તે અંગે માહિતી આપવી જરૂરી બનશે.

વર્ચ્યુઆનો પેશન્ટ હિસાબ વિભાગ જમા કરાવવામાં આવતી પૂર્ણ હોય તેવી અરજીઓની સમીક્ષા કરે છે અને વર્ચ્યુઆના FAP અનુસાર નાણાકીય સહાયની લાયકાત અંગે નિર્ણય કરે છે. જો અપૂર્ણ અરજીઓ મળે તો અરજદારોને સૂચિત કરવામાં આવે છે અને જરૂરી ખૂટતી દસ્તાવેજીકરણ/માહિતી પૂરી પાડવાની તક આપવામાં આવે છે.

જેમાં વર્ચ્યુઆના પ્રાથમિક સેવા વિસ્તારની પ્રાથમિક ભાષા 5%થી ઓછા અથવા 1,000 વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરતી હોય ત્યાં વર્ચ્યુઆ તેના FAP, અરજીઓ અને PLSનો અન્ય ભાષાઓમાં અનુવાદ કરે છે. દર્દીની જરૂરિયાતો પૂરી કરવા માટે અનુવાદ સેવાઓ પણ ઉપલબ્ધ છે.

મદદ, સહાય અથવા પ્રશ્નો માટે, કૃપા કરી 2000 Crawford Place, Suite 100, Mt. Laurel, NJ 08054 ખાતે સ્થિત વર્ચ્યુઆના પેશન્ટ હિસાબ વિભાગ પર સવારના 7.30 અને સાંજના 4.00ની વચ્ચે મુલાકાત લો. વધુમાં, કૃપા કરી (800) 418-5685 પર વર્ચ્યુઆ ગ્રાહક સેવા કાર્યાલય પર ફોન કરો.